# જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૭ /૨૦૧૯,**
**તા. ૯ /૪/૨૦૧૯**

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે શાહપુર અને માધવપુરા વિસ્તારમાં ડ્રેનેજ લાઇન ફીટ કરવાની કામગીરી અનુસંધાને તા.૧૯/૫/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો માર્ગ ઉપર ચાલતુ ટ્રાફિક ડાયવર્ટ કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત શાહપુર અને માધવપુરા વિસ્તારમાં બાબા સાહેબ આંબેડકર ચાર રસ્તા (રાહત સર્કલ) પાસે શાહપુર પોસ્ટ ઓફીસના કોર્નર (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૪૦૨૨૫, ૭૨.૫૭૯૬૧૩) ના ભાગે બેરીકેડીંગ કરી રાહત સર્કલથી હોટલ કંચન પ્લાઝા સામેના કાજીમીયા રોડનો ઉપયોગ કરી ગાંધીબ્રીજ તરફ જતા તમામ પ્રકારના વાહન વ્યવહારને ડાયવર્ટ કરી એટલે કે તે વાહન વ્યવહાર ગાંધીબ્રીજ તરફથી રાહત સર્કલ તરફ જઇ શકશે પરંતુ રાહત સર્કલથી સીધા કાજીમીયા રોડથી ગાંધીબ્રીજ તરફ જઇ શકાશે નહી.

**વૈકલ્પિક રૂટ :**

મહેંદી કુવા તથા ડૉ.ભગવત પ્રસાદ પાઠક માર્ગ તરફથી આવી ગાંધીબ્રીજ તરફ જતા વાહનોએ શાહપુર દરવાજા બહાર ચોકી (અક્ષાંશ-રેખાંશ:૨૩.૦૩૯૪૩૯, ૭૨.૫૭૯૬૬૨) ચાર રસ્તાથી જમણી બાજુ વળી ગાંધીબ્રીજ /ઇન્કમટેક્ષ તરફ જવાનું રહેશે.

**નોંધ :** ઉપર્યુક્ત સમગ્ર માર્ગ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૯/૫/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૯ /૪/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૯/૪/૨૦૧૯
અમદાવાદ શહેર

City Commissioner of Police * Ahmedabad *

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા